**કલમ ૪(૧)બી(૧) : મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલની વ્યવસ્થાતંત્ર કાર્યો ફરજોની વિગત :**

સુરત મહાનગરપાલિકા સંચાલિત મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે વિવિધ તબીબી સેવાઓ જેવી કે, તબીબી તપાસ, દવા, વિગેરે સામાન્ય દરે ઉપલબ્ધ છે. અંદાજે ૧૩૦ પથારી ધરાવતી મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલમાં રોજ સવારે ૦૯.૦૦ થી ૧:૦૦ તેમજ ૨.૦૦ થી ૫.૦૦ દરમ્યાન રાહત દરે (રૂા.૨૦.૦૦) તબીબી તપાસ ઉપલબ્ધ છે. જુદા જુદા તજજ્ઞો ધ્વારા મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે દર્દીઓને જોઈ નિદાન પ્રમાણે સારવાર આપવામાં આવે છે. હોસ્પિટલ ખાતે ઉપલબ્ધ સારવાર દવાઓ નજીવા દરે (૦૧ દિવસ ની દવાના રૂા.૧૦.૦૦ લેખે) જરૂરતમંદ દર્દીને આપવામાં આવે છે. હોસ્પિટલ ખાતે દાખલ કરવાપાત્ર દર્દીઓને દાખલ કરવામાં આવે છે. આ માટે હોસ્પિટલમાં જુદા જુદા વોર્ડની સુવિધા છે. વહીવટી અહેવાલ (૧૮) મુજબ હોસ્પિટલ ખાતે સર્જરી, ડાયાલીસીસ સારવાર, એક્ષ–રે પાડવાની કામગીરી તેમજ લોહી–પેશાબ વિગેરે તપાસણી અંગે લેબોરેટરી ઉપલબ્ધ છે. જેમાં નજીવા દરે જરૂરતમંદ દર્દીઓને લાભ આપવામાં આવે છે. વોર્ડમાં દાખલ ગરીબ દર્દીઓને સક્ષમ સત્તાધીશની ભલામણથી મહાનગરપાલિકાના મંજુર થયેલ નીતિનિયમો પ્રમાણે સારવારો મફત ઉપલબ્ધ કરવામાં આવે છે.

ઉપરોકત કામગીરી અંગે યોગ્ય વ્યવસ્થાતંત્ર ગોઠવવામાં આવે છે. જેમાં મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે સીની. સ્થાનિક વૈ. અમલદારશ્રીના માર્ગદર્શન અને નિયંત્રણ હેઠળ માનદ્ર તબીબો, જુની. મેડીકલ ઓફિસરો, નર્સો, કલાર્ક કમ કમ્પા. આસી., લેબોરેટરી ટેકનીશ્યનો, ડાયાલીસીસ ટેકનીશ્યનો, એક્ષ–રે ટેકનીશ્યનો, એસ.એસ.આઈ મુકાદમ, આયા, વોર્ડબોય, સફાઈ કામદારો હોસ્પિટલને લાગત સેવાઓ બજાવે છે. આ અંગે મેડીકલ, પેરામેડીકલ તથા કલેરીકલ સ્ટાફ મળી કુલ–૩૦૫ કર્મચારીઓનો સ્ટાફ મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે ફરજ બજાવે છે.